સુવિચાર : ચાવ્યા વિનાનું અન્ન, સુમાર્ગે વાપર્યા વગરનું ધન, અને પચાવ્યા વિનાનું જ્ઞાન કેવળ દુઃખ જ આપે છે - જ્યોતીન્દ્ર દવે

**તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૬૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪૮ | ૭ ઓગસ્ટ, ૨૦૧૫, શુક્રવાર ; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- બ્રોડના તરખાટ સામે ઓસ્ટ્રેલિયા માત્ર ૬૦ રનમાં ઓલઆઉટ થયું
- બજારમાં તેજી : સેંસેક્સ ૭૫ પોઇન્ટ સુધરી બંધ રહ્યો
- નવી આઈપીએલ ટીમ માટે બીડ આમંત્રિત કરવા તૈયારી
- મધ્યપ્રદેશ દુર્ઘટનાગ્રસ્ત ટ્રેનના યાત્રી મુંબઈ પહોંચ્યા
- બંગાળ પુરની સ્થિતીમાં સુધાર, લોકોને રાહત થઇ
- ૧૫મીએ ઐતિહાસિક લાલ કિલ્લા પર નરેન્દ્ર મોદી સંબોધન કરશે
- આઇઆઇટીમાંથી ૨૦૬૦ વિદ્યાર્થીઓએ અધવચ્ચે અભ્યાસ છોડ્યો
- સ્પોટ ફિક્સિંગમાં આજે સુપ્રીમમાં સુનાવણી થશે
- હિરોસીમા પરમાણુ બોમ્બ હુમલાને ૭૦ વર્ષ થયા
- મેગી નૂડલ્સ ટૂંકમાં રિટેલ સ્ટોર પર આવે તેવા સંકેત
- એરટેલની દેશવ્યાપી ફોરજી સર્વિસ અંતે લોંચ કરી દેવાઈ

# જમ્મુમાં હુમલા કરવા આતંકવાદીઓની રણનીતિ

## દિલ્હીમાં મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ રણનીતિ બદલાઈ : મુસ્લિમ બહુમતિવાળા વિસ્તારોમાં હિન્દુ લોકોની ગતિવિધિ વધતા ત્રાસવાદી હુમલાના મૂડમાં



જમ્મુ,તા. ૬

ત્રાસવાદીઓએ હવે કાશ્મીર ખીણના બદલે જમ્મુમાં પોતાની ગતિવિધીઓ વધારી દીધી હોવાના ચોંકાવનારા અહેવાલ મળ્યા છે. એમ માનવામાં આવે છે કે મુસ્લિમ બહુમતિવાળા વિસ્તારમાં હિન્દુ દક્ષિણપંથી પાર્ટીઓની વધી રહેલી સક્રિયતાના કારણે ત્રાસવાદીઓમાં હવે ફફડાટ ફેલાઇ ગયો છે. આવી સ્થિતીનો સામનો કરવા માટે ત્રાસવાદીઓએ હવે નિતી બદલી છે. જેના ભાગરૂપે કાશ્મીર ખીણમાં ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે જમ્મુમાં તમામ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સુરક્ષા સંસ્થાઓ દ્વારા પણ આ મુજબની વાત કરવામાં આવી છે. જમ્મુ શહેરથી ૬૦ કિલોમીટરના અંતરે સ્થિત ઉધમપુરમાં જમ્મુ-શ્રીનગર હાઈવે પર ત્રાસવાદી હુમલાથી આ અંગે સાબિતી મળી ગઈ છે. ત્રાસવાદીઓ તેમની રણનિતી બદલી ચુક્યા છે. પહેલા ત્રાસવાદીઓ પીર પંજાલ અને ચિનાવ ખીણમાં વધારે ધ્યાન કેન્દ્રિત કરતા હતા. મુસ્લિમ બહુમતિવાળા વિસ્તારમાં સમર્થન મળવાના કારણે વધારે પસંદ પડતા હતા. હવે હાઈવે પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં બીએસએફના બે જવાન માર્યા ગયા હતા.

# ૧૫મી ઓગષ્ટે બાબુઓને હાજર રહેવા ફરમાન

## ઐતિહાસિક લાલ કિલ્લા પર નરેન્દ્ર મોદી સંબોધન કરશે

નવી દિલ્હી,તા. ૬

૧૫મી ઓગષ્ટ નજીક છે ત્યારે સરકાર દ્વારા તમામ તૈયારી શરૂ કરવામાં આવી છે. મોદી સરકારે ૧૫મી ઓગષ્ટના દિવસે ગેરહાજર નહી રહેવાનો આદેશ તમામ સંબંધિત અધિકારીઓને આપી દીધો છે. ગેરહાજર રહેનાર અધિકારીઓ સામે વળતી કાર્યવાહી કરવામાં આવશે. ઐતિહાસિક લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને સંબોધન કરનાર છે. લાલ કિલ્લા પર સ્વતંત્રતા દિવસે દર વર્ષે ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવે છે. ધ્વજારોહણ કાર્યક્રમને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સ્વતંત્રતા દિવસને રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે ગણવામાં આવે છે. દર વર્ષે ૧૫મી ઓગષ્ટના દિવસે મનાવાય છે. કેબિનેટ સચિવ પ્રદીપ કુમાર સિંહાએ માહિતી આપતા કહ્યું છે કે કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયને પત્ર લખીને સુચના આપવામાં આવી છે. પત્રમાં સુચના આપવામાં આવી છે કે રાષ્ટ્રીય કાર્યક્રમના મહત્વને ધ્યાનમાં લઈને તમામ લોકો કાર્યક્રમમાં ખાસ હાજર રહે. અધિકારીઓને ખાસ સુચના આપવામાં આવી છે કે સ્વતંત્રતા દિવસમાં ભાગ લેવાની બાબત તેમના માટે જરૂરી છે. તેમના ફરજમાં પણ આવે છે. સિંહાએ કહ્યું છે કે આ પ્રસંગે ગેરહાજર રહેનાર અધિકારીઓ સામે પગલા લેવામાં આવી શકે છે.

# ભારે વરસાદથી ગાંધીનગર જિલ્લાને ૪.૫ કરોડનું નુકશાન

## ૧૫ ઓગષ્ટ સુધીમાં નુકશાનીના સર્વેને આખરી કરી સરકારમાં દરખાસ્ત મોકલાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં જુલાઈ માસમાં થયેલા ભારે વરસાદને કારણે ૪.૫૦ કરોડથી વધુનુ નુકશાન થયાના પ્રાથમિક અંદાજો છે.

જિલ્લામાં ચોમાસાની આ સિઝનનો કુલ ૬૩ ટકા જેટલો વરસાદ બે તબક્કામાં નોંધાયો છે. ચાર દિવસીય જુલાઈની હેલી દરમ્યાન ૫૦ ટકાથી પણ વધુ વરસાદ થતાં આ તબાહી સર્જાઈ હતી.

આ તબાહીમાં ૧૨ પશુના મૃત્યુ, ૧ માનવ મૃત્યુ ઉપરાંત કાચા-પાકા મકાનોને નુકશાન, માર્ગોને નુકશાન, આંગણવાડીના મકાનોને નુકશાન, વીજળી ક્ષેત્રે નુકશાન થવા પામ્યું છે. સૌથી વધુ નુકશાન વીજળી ક્ષેત્રે થયું છે. જેનો અંદાજ ૧.૫૦ કરોડની આસપાસનો હોવાનું યુજીવીસીએલના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં સિઝનનો સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં ૬૬૯ મી.મી. નોંધાયો છે જે તાલુકાની સરેરાશના ૭૪ ટકા છે. આ પછી દહેગામમાં ૫૮૮ મી.મી. નોંધાયો છે જે તાલુકાની સરેરાશના ૬૬.૩૪ ટકા છે. કલોલમાં ૫૧૪ મી.મી. જે તાલુકાની સરેરાશના ૬૦.૨૬ ટકા છે. તો ગાંધીનગરમાં ૪૬૦ મી.મી. વરસાદ નોંધાયો છે જે તાલુકાની સરેરાશના ૫૧.૧૫ ટકા થાય છે.

જિલ્લામાં સિઝનનો સરેરાશ ૮૮૫.૫૨ મી.મી. વરસાદ નોંધાતો હોય છે તેની સામે અત્યાર સુધીમાં ૫૫૭.૭૫ મી.મી. વરસાદ નોંધાયો છે. જે ૬૨.૯૫ ટકા થવા જાય છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સર્વેની વિગતવાર કામગીરી પૂર્ણ થયેથી નુકશાનીનું આખરી ચિત્ર સ્પષ્ટ થશે.

દરમ્યાન સરકારે કાચા-પાકા મકાનોને થયેલ નુકશાન તેમજ ઝુંપડાઓને થયેલ નુકશાનની જોગવાઈઓમાં સુધારો કર્યો છે અને ગેરકાયદે બંધાયેલા બાંધકામના કિસ્સામાં પણ ખાસ કિસ્સા તરીકે સહાય ચુકવવવાનો નિર્ણય કર્યો છે.

સરકારે કરેલા આ નિર્ણયને પગલે જિલ્લામાં નુકશાનીનો આંક વધી શકે છે અને તે ૬ કરોડને પણ પાર કરશે તેમ મનાઈ રહ્યું છે. સહાય માટેની આખી દરખાસ્ત ૧૫ ઓગષ્ટ સુધીમાં તૈયાર કરી સરકારને મોકલી આપવામાં આવે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.



**ભલે પધાર્યા** - મોઝામ્બિકના રાષ્ટ્રપતિ ફિલીપ જેસીન્ટો યુસીએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે યોજાયેલ બેઠકમાં ગુજરાતના વિકાસની પ્રસંશા કરી હતી.

# મનપાનો ગરીબ કલ્યાણ મેળો હવે બીજા તબક્કામાં યોજવામાં આવશે

## ૮મીનો મેળો હાલ પુરતો સ્થગિત કરવાની રજુઆતનો સરકાર દ્વારા કરાયેલો સ્વીકાર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૮મીએ યોજાનાર ગરીબ કલ્યાણ મેળો હાલ પુરતો સ્થગિત કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ ગરીબ કલ્યાણ મેળો હવે બીજા તબક્કાના મેળાઓ દરમ્યાન યોજાય તેવી શક્યતાઓ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાને અલગથી જ ગરીબ કલ્યાણ મેળો કરવા માટેની સૂચના પછી તંત્ર આના આયોજનમાં વ્યસ્ત બન્યું હતું. પરંતુ આ પછી ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને બનાસકાંઠામાં થયેલ અતિવૃષ્ટિને પગલે નાયબ મ્યુનિ. કમિશનર શ્રી બારૈયાને જિલ્લા કલેક્ટર બનાસકાંઠા હસ્તક મુકાતાં તૈયારીઓ ખોરવાઈ જવા પામી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ ગરીબ કલ્યાણ મેળામાં ૨૧૫૬ લાભાર્થીઓને સહાય અપાશે

## છેલ્લી ઘડીએ પ્રભારી મંત્રી નીતિન પટેલના સ્થાને હવે રાજ્યમંત્રી દિલીપ ઠાકોર હાજરી આપશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાનો ગાંધીનગર પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ૮મીને શનિવારે દહેગામ ખાતે યોજાશે. આ ગરીબ કલ્યાણ મેળામાં સરકાર તરફથી રાજ્ય મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોર ઉપસ્થિત રહેશે. અગાઉ સરકારના આરોગ્યમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલ ઉપસ્થિત રહેવાના હતા.

દહેગામ પરશુરામ કોલ્ડ સ્ટોરેજના મેદાનમાં યોજાનાર આ ૧૧મા ગરીબ કલ્યાણ મેળામાં ગાંધીનગર-દહેગામ તાલુકાના ૨૧૫૬ લાભાર્થીઓને ૪૭થી વધુ યોજનાઓમાં સહાય આપવામાં આવનાર છે.

આ ગરીબ કલ્યાણ મેળામાં બે કરોડ ૭૮ લાખથી વધુ રકમના ચેકો તથા સહાય આપવામાં આવશે. ખાસ કરીને ઘરથાળના પ્લોટોની ફાળવણી, સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલનું વિતરણ, સ્કોલરશીપ વિદ્યાર્થીઓને, ખેડૂતોને પણ ખેતીવાડીના સાધનોના ઓજાર ખરીદવાની સહાય સહિતની યોજનાઓનો સમાવેશ થાય છે.

દહેગામ ખાતે યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળાના આયોજન અંગેની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા ચાલી રહી છે. આ માટે ત્યાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની સમજ આપતુ નાનકડુ પ્રદર્શન પણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

સવારે નવ વાગ્યે આ મેળાનો આરંભ થશે. આ મેળામાં આવવા માટે ખાસ બસોની સુવિધા પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે. તંત્ર દ્વારા મેળાના સ્થળ પર પોલીસ બંદોબસ્ત સહિતની અન્ય સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે.







